# ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી

ક્રમાંકઃ ક.યુ./EWS/2019-20/૨૭૨

યુનિવર્સિટી કાર્યાલય, મુન્દ્રા રોડ, ભૂજ–કચ્છ.

તા. ૨૫/૦૬/૨૦૧૯.

**સંદર્ભ :** ૧. ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક – પરચ/૧૦૨૦૧૯/૧૨૯/ર, તા. ૮/૩/૨૦૧૯.

૨. Govt. of Gujarat Social Justice & Empowerment Dept. Resoluation No. EWS/122019/45903/A, Dt. 23/01/2019.

૩. કચ્છ યુનિવર્સિટીની એક્ઝિક્યુટીવ કાઉન્સિલનો ઠરાવ ક્રમાંક ૨૫, તા. ૫/૬/૨૦૧૯.

**પરિપત્ર નં:– ૩૭**

આથી કચ્છ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓને જણાવવામાં આવે છે કે, ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના સંદર્ભ ૧ પરના ઠરાવથી આર્થિક રીતે નબળા વર્ગોના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે ૧૦% અનામત રાખવાની જોગવાઈ કરેલ છે. જે મુજબ વૈધાનિક કાઉન્સિલ અંતર્ગત આવતા અભ્યાસક્રમો સિવાયના અભ્યાસક્રમોમાં હાલ જે ઇન્ટેક કેપિસીટી હોય તેના ૧૦% મુજબ ઇન્ટેક કેપિસીટીમાં વધારો કરવાનો રહેશે. વધારાની ૧૦% જગ્યાઓ પૈકી ૩૩% જગ્યાઓ મહિલાઓ માટે નિયમાનુસાર અનામત રાખવાની રહેશે.

ઈન્ટેક કેપિસીટીમાં ઉપર્યુક્ત વધારો શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦થી લાગુ પાડવાનો રહેશે. આ માટે ઘટતી સુવિધાઓ બે વર્ષમાં ઉભી કરી લેવાની રહેશે. સંદર્ભ પરના ઠરાવમાં દર્શાવેલ જોગવાઈઓને આધીન ઉપર્યુક્ત વિગતે ઇન્ટેક કેપિસીટમાં વધારો કરવાનો રહેશે.

કુલ માન્ય ૧૩૦ના ડીવીઝન મુજબ ૨૪.૫%ના વધારાથી ૧૬૨ કુલ બેઠકો ગણવી. તે મુજબ અનામત કેટેગરીને ફાળે જતી બેઠકો ભરવી.

જે સંસ્થાઓએ પ્રવેશ કાર્યવાહી પૂર્ણ કરી હોય તેઓએ આ પરિપત્રના સંદર્ભમાં રિસફલીંગ કરવાનું રહેશે.

**ખાસ નોધઃ– આ પરિપત્ર લાગુ પડતા યુનિવર્સિટીનાં તા:૨૦/૦૬/૨૦૧૮ના પરિપત્ર ક્રમાંકઃ–૩૬/૨૦૧૯/૨૦/૧૮૨ ને પાછલી અસરથી જ રદ્દ કરવામાં આવે છે.**

(ઈ/ચા) કુલસચિવ

**પ્રતિ,**

૧. યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજ
૨. તમામ ફેકલ્ટીના ડીનશ્રીઓ તરફ.
૩. તમામ વિભાગના અધ્યક્ષશ્રીઓ તરફ.

**નકલ રવાનાઃ–**

૧. માન. કુલપતિશ્રીના કાર્યાલય તરફ.